SBIના રિપોર્ટ અનુસાર, ભારતીય ડેરી ક્ષેત્રમાં યુએસ આયાતમાં વધારાને કારણે

યુએસની ડેરી આયાતથી ખેડૂતોની આજિવિકા જોખમ

દેશના ડેરી ખેડૂતોને દર વર્ષે રૂા. ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થવાની ધારણા સેવાઈ રહી છે

નવી દિલ્હી, તા.૧૪

SBIના રિપોર્ટ અનુસાર, ભારતીય ડેરી ક્ષેત્રમાં યુએસ આયાતમાં વધારાને કારણે, ડેરી ખેડૂતોને વાર્ષિક રૂ. ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થઈ શકે છે. દૂધના ભાવમાં ૧૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. ઉપરાંત, ભારતીય ખેડૂતોની આજીવિકા જોખમમાં મુકાઈ શકે છે.

ભારતીય ડેરી ક્ષેત્રને યુએસ આયાત માટે ખુલ્લું મૂકવાથી દેશના ડેરી ખેડૂતોને દર વર્ષે રૂ. ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થઈ શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક અહેવાલમાં આ ચેતવણી આપવામાં આવી છે. આ પગલાથી નાના ડેરી ખેડૂતોની આજીવિકા પર સૌથી વધુ અસર પડશે કારણ કે યુએસ ડેરી ક્ષેત્ર ભારે સબસિડી દ્વારા સમર્થિત છે. SBI એ કહ્યું કે જો ડેરી ક્ષેત્ર ખુલ્લું



મૂકવામાં આવે તો ભારતમાં દૂધના ભાવમાં ઓછામાં ઓછો ૧૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર વાટાઘાટોમાં કૃષિ અને ડેરી મુખ્ય મુદ્દાઓ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ડેરી ક્ષેત્રને અમેરિકી સ્પર્ધા માટે ખુલ્લું મૂકવામાં આવે તો ભારતીય ખેડૂતોની આજીવિકા જોખમમાં મુકાઈ શકે છે. આનાથી ભારતની દૂધની આયાત વાર્ષિક આશરે ૨૫ મિલિયન ટન વધી શકે છે.

ભારતમાં ડેરી ક્ષેત્ર ગ્રામીણ અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે રાષ્ટ્રીય કુલ મૂલ્યવર્ધિત (GVA) માં લગભગ ૨.૫ થી ૩ ટકા ફાળો આપે છે, જે લગભગ ૭.૫ થી ૯ લાખ કરોડ રૂપિયા છે. તે લગભગ ૮ કરોડ લોકોને સીધી રોજગાર પણ પૂરો પાડે છે. આનો અર્થ એ થયો કે ક્ષ્છ માં ફાળો આપેલા દરેક ૧ લાખ રૂપિયા માટે એક રોજગારનું સર્જન થાય છે. GVA નુકસાન લગભગ ૦.૫૧ લાખ કરોડ રૂપિયા હશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દૂધના ભાવમાં ઘટાડો થવાથી માત્ર ખેડૂતોની આવકમાં ઘટાડો થશે નહીં પરંતુ અર્થતંત્રમાં આ ક્ષેત્રના એકંદર યોગદાનને પણ નબળું પાડશે. ઘાસચારો, બળતણ, પરિવહન અને અવેતન કૌટુંબિક મજૂરી જેવા કાચા માલના ખર્ચને સામેલ કર્યા પછી, અંદાજિત ક્ષ્છ નુકસાન લગભગ રૂ. ૦.૫૧ લાખ કરોડ થશે. જોકે, રિપોર્ટમાં એ પણ ભાર મૂકવામાં આવ્યો છે કે જો ભારત અને અમેરિકા અન્ય ક્ષેત્રોમાં વેપાર સંબંધોને મજબૂત બનાવે તો સંભવિત લાભ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ભારત હાલમાં અમેરિકામાં ઓર્ગેનિક ખોરાક અને મસાલા જેવા ઉચ્ચ-મૂલ્યના કૃષિ ઉત્પાદનોની ૧ અબજ યુએસ ડોલરથી ઓછી નિકાસ કરે છે, પરંતુ અમેરિકાની માંગના આધારે તેને ૩ અબજ યુએસ ડોલરથી વધુ કરવાની ક્ષમતા ધરાવે છે. જો સેનિટરી અને ફાયટોસેનિટરી પ્રતિબંધો દૂર કરવામાં આવે તો કેરી, લીચી, કેળા અને ભીંડા જેવા ફળો અને શાકભાજીની નિકાસ વધી શકે છે.

અન્ય ફાયદાઓમાં સરળ વિઝા નિયમો, આઉટસોર્સિંગ તકોમાં વધારો, કોલ્ડ સ્ટોરેજ અને ચોકસાઈ ખેતીમાં યુએસ રોકાણ અને ફીડ, મશીનરી અને પશુચિકિત્સા ઉત્પાદનો જેવા કૃષિ ઈનપુટ્સના ઓછા ખર્ચનો સમાવેશ થઈ શકે છે.

મેસેજ લોકોને ભ્રમિત કરવા ફેલાવવામાં આવ્યાનું જાણવા મળ્યું

શું સપ્ટેમ્બરથી ATMમાં ૫૦૦ની નોટો નહીં નીકળે? RBIની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૧૪

સોશિયલ મીડિયા પર એક મેસેજ ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, આરબીઆઈએ બેંકોને સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એટીએમમાંથી રૂ. ૫૦૦ની નોટનું વિતરણ બંધ કરવા આદેશ આપ્યો છે. જો કે, ફેક્ટ ચેકમાં આ દાવો તદ્દન ખોટો છે. આરબીઆઈએ આ પ્રકારની કોઈ નોટિસ કે નિર્દેશ જાહેર કર્યા નથી. આ મેસેજ લોકોને ભ્રમિત કરવા ફેલાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

છેલ્લા કેટલાક દિવસથી સોશિયલ મીડિયા પર એક મેસેજ વાઈરલ થયો છે કે, સપ્ટેમ્બરથી એટીએમમાંથી રૂ. ૫૦૦ની નોટ નહીં નીકળે. આરબીઆઈએ બેંકોને રૂ. ૫૦૦ની નોટની ફાળવણી બંધ કરવા નિર્દેશ આપ્યો છે. જો કે, સત્તાવાર

અધિકારીઓએ આ મેસેજને અફવા ગણાવ્યો છે. સામાન્ય પ્રજાને આ પ્રકારની અફવાઓ પર વિશ્વાસ ન કરવા સલાહ આપી છે. રૂ. ૫૦૦ની નોટ લીગલ ટેન્ડર રૂપે સંપૂર્ણપણે માન્ય છે. જેનો ઉપયોગ નાણાકીય વ્યવહાર માટે થઈ શકે છે.

આરબીઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, આ નોટના લીગલ ટેન્ડરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બેંકો અને એટીએમમાંથી રૂ. ૫૦૦ની નોટની ઉપલબ્ધતા ચાલુ રહેશે. આ પ્રકારની ભ્રામક અફવાઓ પર ધ્યાન ન આપવા સલાહ છે. આરબીઆઈ અવારનવાર કોઈપણ નાણાકીય બાબતો મામલે વાઈરલ ન્યૂઝ કે, મેસેજ પર સીધો વિશ્વાસ ન કરવા સલાહ આપતી હોય છે. જો કોઈ સંદિગ્ધ મેસેજ પ્રાપ્ત થાય તો તેને તુરંત શેર કરવો જોઈએ નહીં.

બેંકિંગ અને રિયલ્ટી શેરોમાં ખરીદી

સેન્સેક્સ ૨૪૭ પૉઈન્ટ ઘટીને ૮૨,૨૫૩ પર બંધ: નિફ્ટી પણ ૬૮ પૉઈન્ટ ગગડ્યો



નવી દિલ્હી, તા.૧૪

અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવાર, ૧૪ જુલાઈ, સેન્સેક્સ ૨૪૭ પોઈન્ટ ઘટીને ૮૨,૨૫૩ પર બંધ થયો. નિફ્ટી પણ ૬૮ પોઈન્ટ ઘટીને ૨૫,૦૮૨ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેરોમાં ઘટાડો જોવા મળ્યો. ઈન્ફોસિસ, એશિયન પેઈન્ટ્સ અને ટેક મહિન્દ્રાના શેર ૨% ઘટ્યા. ઈટરનલ, ટાઈટન અને મહિન્દ્રાના શેરમાં નજીવો ઉછાળો જોવા મળ્યો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૭ શેર ઘટીને બંધ થયા, ૨૨ શેર વધ્યા અને ૧ શેર યથાવત રહ્યો. NSEના IT ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૧૧% ઘટાડો થયો. મીડિયા, ફાર્મા, બેંકિંગ, રિયલ્ટી, હેલ્થકેર અને FMCG શેરો વધીને બંધ થયા.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેરોમાં ઘટાડો જોવા મળ્યો

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ૦.૨૫% ઘટીને ૩૯,૪૭૦ પર અને કોરિયાનો કોસ્પી ૦.૦૯૪% વધીને ૩,૧૭૯ પર ટ્રેડ કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૦.૦૪૩% વધીને ૨૪,૧૫૦ પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૪૩% વધીને ૩,૫૨૫ પર બંધ થયો. ૧૧ જુલાઈના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૬૩% ઘટીને ૪૪,૩૭૨ પર બંધ થયો. આ દરમિયાન, નેસ્ડેક કમ્પોઝિટ ૦.૨૨% ઘટીને ૨૦,૫૮૫ પર અને S&P ૫૦૦ ૦.૩૩% ઘટીને ૬,૨૬૦પર બંધ થયો. ૧૧ જુલાઈના રોજ, વિદેશી રોકાણકારો (FIIs) એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૫,૧૦૪.૨૨ કરોડના શેર વેચ્યા હતા. તેમજ, સ્થાનિક રોકાણકારો (DIIs) એ રૂ. ૩,૫૫૮.૬૩ કરોડની નેટ ખરીદી કરી હતી. જુલાઈ મહિનામાં અત્યાર સુધીમાં, વિદેશી રોકાણકારોએ રૂ. ૧૦,૨૮૪.૧૮ કરોડના શેર વેચ્યા છે.

આ દરમિયાન, સ્થાનિક રોકાણકારોએ રૂ. ૧૨,૪૦૨.૯૮ કરોડની નેટ ખરીદી કરી છે. જૂન મહિનામાં, વિદેશી રોકાણકારો દ્વારા નેટ ખરીદી રૂ. ૭,૪૮૮.૯૮ કરોડની રહી હતી. તેમજ, સ્થાનિક રોકાણકારોએ પણ મહિનામાં રૂ. ૭૨,૬૭૩.૯૧ કરોડની નેટ ખરીદી કરી હતી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૩ શેરોમાં ઘટાડો થયો અને ૭ શેરોમાં વધારો થયો. TCS, મહિન્દ્રા અને ટાટા મોટર્સ સહિત કુલ ૧૪ શેરોમાં ૧% થી ૩.૫% ઘટાડો થયો.

હિન્દુસ્તાન યુનિલિવર ૪.૬૫% વધીને બંધ થયો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૯ શેર ઘટ્યા અને ૧૧ શેર વધ્યા. NSE IT શેર ૧.૭૮%, Auto શેર ૧.૭૭%, Media શેર ૧.૬૦% અને Realty શેર ૧.૨૧% ઘટ્યા. બીજી તરફ, FMCG, Pharma અને Healthcare શેર વધારા સાથે બંધ થયા હતા.

અમેરિકાના ટેરિફ રાહતથી જૂનમાં ચીનની નિકાસ ૫.૮% વધી

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકા દ્વારા ટેરિફની સમયમર્યાદા લંબાવવાને કારણે જૂનમાં ચીનની નિકાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. આ વર્ષે પહેલી વાર આયાતમાં પણ ૧.૧ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, અમેરિકાની નિકાસમાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે. અમેરિકાના ટેરિફમાંથી રાહત મળવાને કારણે જૂનમાં ચીનની નિકાસમાં વધારો થયો. આના કારણે કંપનીઓ અને ગ્રાહકો તરફથી ઓર્ડરમાં ભારે વધારો થયો. ગયા વર્ષની સરખામણીમાં નિકાસમાં ૫.૮ ટકાનો વધારો થયો છે. જ્યારે મે મહિનામાં તેમાં ૪.૮ ટકાનો વધારો થયો હતો. સોમવારે જારી કરાયેલા કસ્ટમ ડેટા અનુસાર, આયાતમાં પણ સુધારો થયો છે. આ વર્ષે પહેલી વાર આયાતમાં ૧.૧ ટકાનો વધારો થયો છે.

અમેરિકાની વાત કરીએ તો તેની નિકાસમાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે. જોકે, આ મે મહિનામાં જોવા મળેલા ૩૪.૫ ટકાના ઘટાડા કરતાં ઓછું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૨૪૫% સુધીના ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. બદલામાં, ચીને પણ અમેરિકા પર વધુ ટેરિફ લાદવાનો નિર્ણય લીધો. આ પછી બંને પક્ષો વાટાઘાટો કરવા સંમત થયા. દરમિયાન, ટ્રમ્પ વહીવટીતંત્રે ચીનથી થતી આયાત પરના ટેરિફમાં ૩૫%નો વધારો કર્યો છે. ઉપરાંત, વોશિંગ્ટન અને બેઈજિંગે હાલમાં ઊંચા ટેરિફ માટેની સમયમર્યાદા ૧૨ ઓગસ્ટ સુધી મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

વૈશ્વિકસ્તરે આર્થિક અને જિઓ-પોલિટિકલ અનિશ્ચિતતાઓ વચ્ચે ક્રિપ્ટો માર્કેટ તેજીમાં

બિટકોઈન ૧.૨૩ લાખ ડૉલર સાથે ઑલ ટાઈમ હાઈ, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ક્રિપ્ટોમાં તેજી

આજે બિટકોઈન ૪ ટકાથી વધુ ઉછળી ૧૨૩૦૯૧.૬૧ ડોલરની સર્વોચ્ચ ટોચે પહોંચ્યો હતો

નવી દિલ્હી, તા.૧૪

વૈશ્વિક સ્તરે આર્થિક અને જિઓ-પોલિટિકલ અનિશ્ચિતતાઓ વચ્ચે ક્રિપ્ટો માર્કેટ તેજીમાં છે. તેમાં પણ વિશ્વની ટોચની ક્રિપ્ટો કરન્સી બિટકોઈન એક પછી એક પોતાના તમામ રેકોર્ડ તોડી સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. બિટકોઈનનો ભાવ આજે ફરી ૧.૨૩ લાખ કરોડ ડોલરની નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. ભારતીય રોકાણકારે એક બિટકોઈન ખરીદવા માટે રૂ. ૧.૦૫ કરોડ ખર્ચ કરવા પડશે. સંસ્થાકીય રોકાણકારોની અવિરત ખરીદીના કારણે બિટકોઈન આજે ૪ ટકાથી વધુ ઉછળી ૧૨૩૦૯૧.૬૧ ડોલરની સર્વોચ્ચ ટોચે પહોંચ્યો હતો. જે ૩.૨૪ વાગ્યે

૧૨૨૦૩૮.૧૨ ડોલર પર ટ્રેડ થઈ રહ્યો હતો. ચાલુ કેલેન્ડર વર્ષમાં ૧૯ ટકા ઉછાળો નોંધાવ્યો છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં બિટકોઈનની કિંમત બમણાથી વધી છે. જે ૧૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ ૬૦૭૮૭ ડોલર સામે ૧૦૨ ટકા વધ્યો છે. ક્રિપ્ટો માર્કેટમાં ટેક્નિકલી સેન્ટિમેન્ટ બુલિશ હોવાથી વોલ્યૂમ અનેકગણા વધ્યા છે. આજે ૨૧૦.૮ અબજ ડોલરના વોલ્યૂમ નોંધાવાની સાથે ક્રિપ્ટો માર્કેટ કેપ ૬૬ હજાર કરોડ વધી હતી. આ સાથે માર્કેટ કેપ ૩.૮૧ લાખ કરોડ ડોલરની સપાટીએ પહોંચી છે. કોઈનમાર્કેટકેપ અનુસાર, વિશ્વમાં હાલ ૧૮.૪૯ મિલિયન ક્રિપ્ટો કરન્સી લિસ્ટેડ છે. જેમાં બિટકોઈન ઉપરાંત ઈથેરિયમ, એક્સઆરપી, સોલાના, બીએનબી, ડોઝકોઈન સહિતની ક્રિપ્ટો કરન્સીમાં પણ સાપ્તાહિક ૩૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. ક્રિપ્ટો માર્કેટ નિષ્ણાતો અનુસાર, ટ્રમ્પના ટ્રેડ વૉર, જિઓ-પોલિટિકલ ટેન્શનના કારણે વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચતતા સર્જાઈ છે. જેના લીધે સ્ટોક માર્કેટ ફ્લૂ, બોન્ડ, ફોરેક્સ માર્કેટમાં વોલ્યૂમ ઘટ્યા છે. બીજી તરફ ક્રિપ્ટોમાં રોકાણ વધ્યું છે. સંસ્થાકીય રોકાણકારોએ બિટકોઈન ઈટીએફમાં ૫૦ અબજ ડોલરથી વધુ રોકાણ કર્યું છે. બિટકોઈન હવે માત્ર ટ્રેડિંગ ટુલ નહીં, પણ રોકાણનું માધ્યમ બન્યો છે. વધુમાં ટ્રમ્પની ક્રિપ્ટો કરન્સીની તરફેણમાં નીતિઓ ક્રિપ્ટોને લીગલ ટેન્ડર બનાવવાનો માર્ગ મોકળો કર્યો છે. નોંધનીય છે, ટ્રમ્પે બિટકોઈન રિઝર્વ સ્કીમ અને બિટકોઈન ઈટીએફ પોલિસીનું સરળીકરણ કર્યું છે. બિટકોઈનનો ભાવ આજે ફરી ૧.૨૩ લાખ કરોડ ડોલરની નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. ક્રિપ્ટો માર્કેટમાં ટેક્નિકલી સેન્ટિમેન્ટ બુલિશ હોવાથી વોલ્યૂમ અનેકગણા વધ્યા છે.

કેન્દ્ર સરકારે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ પણ શરૂ કરી

નવી દિલ્હી,તા.૧૪

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આસામના સોનાપુર ખાતે ભારતના પ્રથમ એક્વા ટેક પાર્કનું ઉદ્ઘાટન કર્યું, જેનો હેતુ માછલી ઉત્પાદનને વેગ આપવાનો છે. કેન્દ્ર સરકારે ૨૦૧૫ થી મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં કુલ ૩૮,૫૭૨ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સોનાપુરમાં ભારતના પ્રથમ એક્વા ટેક પાર્કનું ઉદ્ઘાટન કર્યું. તેનો ઉદ્દેશ્ય રાજ્યમાં માછલી ઉત્પાદનને વેગ આપવા અને રોજગારીની તકોનું સર્જન કરવાનો છે. મુખ્યમંત્રીએ આ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરી. તેમણે કહ્યું કે આસામના સોનાપુરમાં ભારતના પ્રથમ એક્વા ટેક પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આનાથી માછલી ઉત્પાદનમાં મોટો વધારો થશે અને આસામના યુવાનોને કમાણીની પુષ્કળ તકો મળશે. PIB દ્વારા જારી કરાયેલા એક પ્રકાશન મુજબ, ૨૦૨૫-૨૬ માટે બજેટ જાહેરાત વ્યૂહાત્મક રીતે નાણાકીય સમાવેશ વધારવા, કસ્ટમ ડ્યુટી ઘટાડીને ખેડૂતો પર નાણાકીય બોજ ઘટાડવા અને દરિયાઈ મત્સ્યઉદ્યોગના વિકાસને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

નામમાં ફેરફાર

જૂનું નામ. હિફ્જુરરહેમાન ઇબ્રાહીમભાઈ દંત્રાલિયા
નવું નામ. હિફ્જુરરહેમાન ઇબ્રાહીમભાઈ દાંત્રોલિયા
ગામ. કેશરપુરા તા. ઈડર
જિલ્લો. સાબરકાંઠા પિન. ૩૮૩૨૩૦

Walk-in interview

Shree Shamalaji Homoeopathic Medical College, Hospital & R.I., Godhra
(Managed by Shree Shamalaji Arogya Seva Trust, Godhra)
Permitted by NCH / Affiliated to SGGU, Godhra

REQUIRED FOLLOWING TEACHING FACULTY

Professor:	08 poSt (Anatomy, H.M.M., Organon, Surgery, ObSt. & Gynec, Repertory, Community Medicine, Practice of Medicine)
Associate Professor:	10 Post (Anatomy, Physiology, Organon-2, Surgery, Pathology, F.M.T., Obst. & Gynec, Repertory, Community Medicine)
Assistant Professor:	15 PoSt (Anatomy-2, Physiology-2, Pharmacy, H.M.M.-2, Surgery, Pathology, Obst. & Gynec, Repertory-2, Community Medicine, Practice of Medicine-2)

Qualification & Experience :- As per NCH and SGGU, Godhra norms
Place of Interview :- Shree Shamalaji Homoeopathic Medical College, Kanelav Road, Vavdi Buzarg, Godhra.
Date of Interview:- 03/08/2025 (Sunday) Time of Interview: -09:00 a.m.
Vice-President:- Dr. Vishal R Soni, Mob: 9825048759.

નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડ
(CIN No: L45201GJ1990PLC013417)
રજીસ્ટર્ડ ઓફિસ: પહેલો માળ, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલો સામે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન: +૯૧ ૭૯ ૪૦૦૩ ૬૮૧૭/ ૧૮ **ફેક્સ:** +૯૧ ૭૯૨૬૮૭૩૯૨૨
E-mail: secretarial@nilainfra.com **Website:** www.nilainfra.com

35મી વાર્ષિક સાધારણ સભાની સભ્યોને નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે, નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડના સભ્યોની 35મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરૂવાર, 07 ઓગસ્ટ, 2025ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડીઓ વિડિઓ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ હાથ ધરાશે.
ભારત સરકાર, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના, પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ તથા પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧, પરિપત્ર નં. 20/2020 તારીખ 05 મે, 2020 અને પરિપત્ર 02/2021 તારીખ 13 જાન્યુઆરી, 2021, પરિપત્ર નં. 02/2022 તારીખ 05 મે, 2022, પરિપત્ર નં. 10/2022 તારીખ 28 ડિસેમ્બર અને સી. /2023 તારીખ 25 સપ્ટેમ્બર, 2023 તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ તથા પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧, પરિપત્ર નંબર SEBI/HO/DDHS/P/CIR/2022/0063 તારીખ 13 મે, 2022 અને પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-Pod-2/P/CIR/2023/167 તારીખ 07 ઓક્ટોબર, 2023 ('પરિપત્રો')ના સ્પષ્ટતા પરિપત્ર મુજબ એજીએમ કોઈ પણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર વીસી/ ઓએવીએમ દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર્સ રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની એજીએમ વીસી/ ઓએવીએમ દ્વારા યોજાશે.
ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં, એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ 2024-25 જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્સ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી રહ્યા છે. સભ્યોએ નોંધ લેવી કે એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ 2024-25 કંપનીની વેબસાઈટ www.nilainfra.com તથા સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમીટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડની વેબસાઈટ www.bseindia.com તથાwww.nseindia.com પર ઉપલબ્ધ છે તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા એનએસડીએલની વેબસાઈટ: www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. સભ્યો એજીએમમાં ફક્ત વીસી/ ઓએવીએમ દ્વારા હાજર રહી શકે છે અને ભાગ લઈ શકે છે. એજીએમમાં જાડાવવાની વિગતો /સુચનો એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે, વીસી/ ઓએવીએમ દ્વારા જાડાયેલ સભ્યોને, હાજર રહેલ સભ્યોની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.
કંપની દ્વારા તમામ સભ્યોને એજીએમની નોટિસમાં વર્ણવવામાં આવેલ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે.
જે સભ્યો એ પોતાના ઈ-મેઈલ આઈડી કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે:
- જે સભ્યો ફિઝિકલ માધ્યમથી શેર ધારણ કરી રહ્યા છે: ફોલિયો નંબર, ડીપી, ક્લાઈન્ટ આઈડી, સર્ટિફીકેટ નં., પેન નં. મોબાઈલ નં. ઈ-મેઈલ આઈડી સાથે સ્વ પ્રમાણિત પેન, આધાર, પાસપોર્ટ, શેર સર્ટિફીકેટ વગેરેની કોપી કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilainfra.com પર મોકલવી.
- જે સભ્યો ડિમેટ માધ્યમ થી શેર ધારણ કરી રહ્યા છે તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilainfra.com પર મેલ કરીને પોતાનું ઈ-મેઈલ નોંધાવી શકે છે. એજીએમની નોટિસ કટ-ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાયેલ ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવશે.

તારીખ : જુલાઈ 15, 2025
સ્થળ : અમદાવાદ
બોર્ડના આદેશથી
નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડ, વતી
દીપેન પરીખ-કંપની સેક્રેટરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ
જમાલપુર ફાયર સ્ટેશન (હેડ ઓફીસ), ફ્લાય ઓવર બ્રીજ પાસે, જમાલપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧
ફોન નં. ૦૭૯-૨૨૧૮૮૪૬૫/૬૬/૬૭/૬૮ તેમજ ૧૦૧, ઈ-મેઈલ: afes@ahmedabadcity.gov.in
"આગથી નુકશાન, રાષ્ટ્રીય નુકશાન, આવો, સૌ સાથે મળીને અગ્નિ સુરક્ષાના ઉપાયો અપનાવીએ"

-:જાહેર સલામતી હેતુસર ફાયર પ્રિવેન્શન પ્રોટેકશન સિસ્ટમ બાબતે પ્રકાશિત જાહેર નોટીસ:-

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ- ૨૦૧૪ ના શિડ્યુલ-૦૩ મુજબના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં આવેલ તમામ બિલ્ડીંગના માલિક, કબ્જેદાર, ભોગવનાર, સંચાલકો, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓને આથી આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, નામદાર હાઈકોર્ટમાં ચાલી રહેલ **PIL-118/2020** અનુસંધાને નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ અન્વયે સંબંધિત બિલ્ડીંગ કે જે શિડ્યુલ-૦૩ માં આવતી હોય તથા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ રૂલ્સ ૨૦૨૧ ના પ્રવર્તમાન કાનૂની જોગવાઈઓ મુજબ જરૂરી જગ્યા ઉપર પોર્ટેબલ ફાયર ફાયટીંગના સાધનો / સંપૂર્ણ ફાયર પ્રિવેન્શન – પ્રોટેક્શન સિસ્ટમ પૈકી જોગવાઈ મુજબ જે જરૂર હોય તે લગાવી જે તે બિલ્ડીંગના માલિક, સંચાલકો કે જેઓએ પોતાની બિલ્ડીંગની ફાયર સેફ્ટી સર્ટીફિકેટ મેળવેલ નથી અથવા તેઓને આપવામાં આવેલ ફાયર સેફ્ટી સર્ટીફિકેટની મુદત પૂર્ણ થઈ ગયેલ અને હાલમાં વેલીડ **ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવી લેવા આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે.**

શિડ્યુલ-૦૩ માં આવતી પ્રિમાઈસીસની વિગત નીચે મુજબ છે.

(a) ૧૫ મીટર અને તેથી વધુ ઊંચાઈ ધરાવતી બધી ઊંચી ઈમારતો; અને
(b) ખાસ ઈમારતો, એટલે કે,
(૧) હોટેલ, શૈક્ષણિક, સંસ્થાકીય, વ્યવસાય, વેપાર, વેપારી, સંગ્રહ, જોખમી અને મિશ્ર કબજાવાળી ઈમારતો, જ્યાં આ ઈમારતોમાંની કોઈ પણ એક અથવા વધુ માળ પર ૫૦૦ ચોરસ મીટરથી વધુ ફ્લોર એરિયા ધરાવે છે;
(૨) ૯ મીટર અને તેથી વધુ ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક ઈમારતો;
(૩) ૯ મીટર અને તેથી વધુ ઊંચાઈ ધરાવતી સંસ્થાકીય ઈમારતો;
(૪) બધી એસેમ્બલી ઈમારતો;
(૫) બધી બહુમાળી કાર પાર્કિંગ;
(૬) ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ હેઠળ આવરી લેવામાં ન આવતી બધી જોખમી ઈમારતો
(૭) કોઈપણ ફ્લોર પર ૩૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર ધરાવતી

SBIના રિપોર્ટ અનુસાર, ભારતીય ડેરી ક્ષેત્રમાં યુએસ આયાતમાં વધારાને કારણે

યુએસની ડેરી આયાતથી ખેડૂતોની આજિવિકા જોખમ

દેશના ડેરી ખેડૂતોને દર વર્ષે રૂા. ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થવાની ધારણા સેવાઈ રહી છે

નવી દિલ્હી, તા.૧૪

SBIના રિપોર્ટ અનુસાર, ભારતીય ડેરી ક્ષેત્રમાં યુએસ આયાતમાં વધારાને કારણે, ડેરી ખેડૂતોને વાર્ષિક રૂ. ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થઈ શકે છે. દૂધના ભાવમાં ૧૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. ઉપરાંત, ભારતીય ખેડૂતોની આજીવિકા જોખમમાં મુકાઈ શકે છે.

ભારતીય ડેરી ક્ષેત્રને યુએસ આયાત માટે ખુલ્લું મૂકવાથી દેશના ડેરી ખેડૂતોને દર વર્ષે રૂ. ૧.૦૩ લાખ કરોડનું નુકસાન થઈ શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક અહેવાલમાં આ ચેતવણી આપવામાં આવી છે. આ પગલાથી નાના ડેરી ખેડૂતોની આજીવિકા પર સૌથી વધુ અસર પડશે કારણ કે યુએસ ડેરી ક્ષેત્ર ભારે સબસિડી દ્વારા સમર્થિત છે. SBI એ કહ્યું કે જો ડેરી ક્ષેત્ર ખુલ્લું



મૂકવામાં આવે તો ભારતમાં દૂધના ભાવમાં ઓછામાં ઓછો ૧૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર વાટાઘાટોમાં કૃષિ અને ડેરી મુખ્ય મુદ્દાઓ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ડેરી ક્ષેત્રને અમેરિકી સ્પર્ધા માટે ખુલ્લું મૂકવામાં આવે તો ભારતીય ખેડૂતોની આજીવિકા જોખમમાં મુકાઈ શકે છે. આનાથી ભારતની દૂધની આયાત વાર્ષિક આશરે ૨૫ મિલિયન ટન વધી શકે છે.

ભારતમાં ડેરી ક્ષેત્ર ગ્રામીણ અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે રાષ્ટ્રીય કુલ મૂલ્યવર્ધિત (GVA) માં લગભગ ૨.૫ થી ૩ ટકા ફાળો આપે છે, જે લગભગ ૭.૫ થી ૯ લાખ કરોડ રૂપિયા છે. તે લગભગ ૮ કરોડ લોકોને સીધી રોજગાર પણ પૂરો પાડે છે. આનો અર્થ એ થયો કે ક્ષ્છ માં ફાળો આપેલા દરેક ૧ લાખ રૂપિયા માટે એક રોજગારનું સર્જન થાય છે. GVA નુકસાન લગભગ ૦.૫૧ લાખ કરોડ રૂપિયા હશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દૂધના ભાવમાં ઘટાડો થવાથી માત્ર ખેડૂતોની આવકમાં ઘટાડો થશે નહીં પરંતુ અર્થતંત્રમાં આ ક્ષેત્રના એકંદર યોગદાનને પણ નબળું પાડશે. ઘાસચારો, બળતણ, પરિવહન અને અવેતન કૌટુંબિક મજૂરી જેવા કાચા માલના ખર્ચને સામેલ કર્યા પછી, અંદાજિત ક્ષ્છ નુકસાન લગભગ રૂ. ૦.૫૧ લાખ કરોડ થશે. જોકે, રિપોર્ટમાં એ પણ ભાર મૂકવામાં આવ્યો છે કે જો ભારત અને અમેરિકા અન્ય ક્ષેત્રોમાં વેપાર સંબંધોને મજબૂત બનાવે તો સંભવિત લાભ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ભારત હાલમાં અમેરિકામાં ઓર્ગેનિક ખોરાક અને મસાલા જેવા ઉચ્ચ-મૂલ્યના કૃષિ ઉત્પાદનોની ૧ અબજ યુએસ ડોલરથી ઓછી નિકાસ કરે છે, પરંતુ અમેરિકાની માંગના આધારે તેને ૩ અબજ યુએસ ડોલરથી વધુ કરવાની ક્ષમતા ધરાવે છે. જો સેનિટરી અને ફાયટોસેનિટરી પ્રતિબંધો દૂર કરવામાં આવે તો કેરી, લીચી, કેળા અને ભીંડા જેવા ફળો અને શાકભાજીની નિકાસ વધી શકે છે.

અન્ય ફાયદાઓમાં સરળ વિઝા નિયમો, આઉટસોર્સિંગ તકોમાં વધારો, કોલ્ડ સ્ટોરેજ અને ચોકસાઈ ખેતીમાં યુએસ રોકાણ અને ફીડ, મશીનરી અને પશુચિકિત્સા ઉત્પાદનો જેવા કૃષિ ઈનપુટ્સના ઓછા ખર્ચનો સમાવેશ થઈ શકે છે.

મેસેજ લોકોને ભ્રમિત કરવા ફેલાવવામાં આવ્યાનું જાણવા મળ્યું

શું સપ્ટેમ્બરથી ATMમાં ૫૦૦ની નોટો નહીં નીકળે? RBIની સ્પષ્ટતા

નવી દિલ્હી, તા.૧૪

સોશિયલ મીડિયા પર એક મેસેજ ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, આરબીઆઈએ બેંકોને સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એટીએમમાંથી રૂ. ૫૦૦ની નોટનું વિતરણ બંધ કરવા આદેશ આપ્યો છે. જો કે, ફેક્ટ ચેકમાં આ દાવો તદ્દન ખોટો છે. આરબીઆઈએ આ પ્રકારની કોઈ નોટિસ કે નિર્દેશ જાહેર કર્યા નથી. આ મેસેજ લોકોને ભ્રમિત કરવા ફેલાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

છેલ્લા કેટલાક દિવસથી સોશિયલ મીડિયા પર એક મેસેજ વાઈરલ થયો છે કે, સપ્ટેમ્બરથી એટીએમમાંથી રૂ. ૫૦૦ની નોટ નહીં નીકળે. આરબીઆઈએ બેંકોને રૂ. ૫૦૦ની નોટની ફાળવણી બંધ કરવા નિર્દેશ આપ્યો છે. જો કે, સત્તાવાર

અધિકારીઓએ આ મેસેજને અફવા ગણાવ્યો છે. સામાન્ય પ્રજાને આ પ્રકારની અફવાઓ પર વિશ્વાસ ન કરવા સલાહ આપી છે. રૂ. ૫૦૦ની નોટ લીગલ ટેન્ડર રૂપે સંપૂર્ણપણે માન્ય છે. જેનો ઉપયોગ નાણાકીય વ્યવહાર માટે થઈ શકે છે.

આરબીઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, આ નોટના લીગલ ટેન્ડરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બેંકો અને એટીએમમાંથી રૂ. ૫૦૦ની નોટની ઉપલબ્ધતા ચાલુ રહેશે. આ પ્રકારની ભ્રામક અફવાઓ પર ધ્યાન ન આપવા સલાહ છે. આરબીઆઈ અવારનવાર કોઈપણ નાણાકીય બાબતો મામલે વાઈરલ ન્યૂઝ કે, મેસેજ પર સીધો વિશ્વાસ ન કરવા સલાહ આપતી હોય છે. જો કોઈ સંદિગ્ધ મેસેજ પ્રાપ્ત થાય તો તેને તુરંત શેર કરવો જોઈએ નહીં.

બેંકિંગ અને રિયલ્ટી શેરોમાં ખરીદી

સેન્સેક્સ ૨૪૭ પૉઈન્ટ ઘટીને ૮૨,૨૫૩ પર બંધ: નિફ્ટી પણ ૬૮ પૉઈન્ટ ગગડ્યો



નવી દિલ્હી, તા.૧૪

અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવાર, ૧૪ જુલાઈ, સેન્સેક્સ ૨૪૭ પોઈન્ટ ઘટીને ૮૨,૨૫૩ પર બંધ થયો. નિફ્ટી પણ ૬૮ પોઈન્ટ ઘટીને ૨૫,૦૮૨ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેરોમાં ઘટાડો જોવા મળ્યો. ઈન્ફોસિસ, એશિયન પેઈન્ટ્સ અને ટેક મહિન્દ્રાના શેર ૨% ઘટ્યા. ઈટરનલ, ટાઈટન અને મહિન્દ્રાના શેરમાં નજીવો ઉછાળો જોવા મળ્યો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૭ શેર ઘટીને બંધ થયા, ૨૨ શેર વધ્યા અને ૧ શેર યથાવત રહ્યો. NSEના IT ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૧૧% ઘટાડો થયો. મીડિયા, ફાર્મા, બેંકિંગ, રિયલ્ટી, હેલ્થકેર અને FMCG શેરો વધીને બંધ થયા.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેરોમાં ઘટાડો જોવા મળ્યો

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ૦.૨૫% ઘટીને ૩૯,૪૭૦ પર અને કોરિયાનો કોસ્પી ૦.૦૯૪% વધીને ૩,૧૭૯ પર ટ્રેડ કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૦.૦૪૩% વધીને ૨૪,૧૫૦ પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૪૩% વધીને ૩,૫૨૫ પર બંધ થયો. ૧૧ જુલાઈના રોજ, અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૬૩% ઘટીને ૪૪,૩૭૨ પર બંધ થયો. આ દરમિયાન, નેસ્ડેક કમ્પોઝિટ ૦.૨૨% ઘટીને ૨૦,૫૮૫ પર અને S&P ૫૦૦ ૦.૩૩% ઘટીને ૬,૨૬૦પર બંધ થયો. ૧૧ જુલાઈના રોજ, વિદેશી રોકાણકારો (FIIs) એ રોકડ સેગમેન્ટમાં રૂ. ૫,૧૦૪.૨૨ કરોડના શેર વેચ્યા હતા. તેમજ, સ્થાનિક રોકાણકારો (DIIs) એ રૂ. ૩,૫૫૮.૬૩ કરોડની નેટ ખરીદી કરી હતી. જુલાઈ મહિનામાં અત્યાર સુધીમાં, વિદેશી રોકાણકારોએ રૂ. ૧૦,૨૮૪.૧૮ કરોડના શેર વેચ્યા છે.

આ દરમિયાન, સ્થાનિક રોકાણકારોએ રૂ. ૧૨,૪૦૨.૯૮ કરોડની નેટ ખરીદી કરી છે. જૂન મહિનામાં, વિદેશી રોકાણકારો દ્વારા નેટ ખરીદી રૂ. ૭,૪૮૮.૯૮ કરોડની રહી હતી. તેમજ, સ્થાનિક રોકાણકારોએ પણ મહિનામાં રૂ. ૭૨,૬૭૩.૯૧ કરોડની નેટ ખરીદી કરી હતી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૩ શેરોમાં ઘટાડો થયો અને ૭ શેરોમાં વધારો થયો. TCS, મહિન્દ્રા અને ટાટા મોટર્સ સહિત કુલ ૧૪ શેરોમાં ૧% થી ૩.૫% ઘટાડો થયો.

હિન્દુસ્તાન યુનિલિવર ૪.૬૫% વધીને બંધ થયો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૯ શેર ઘટ્યા અને ૧૧ શેર વધ્યા. NSE IT શેર ૧.૭૮%, Auto શેર ૧.૭૭%, Media શેર ૧.૬૦% અને Realty શેર ૧.૨૧% ઘટ્યા. બીજી તરફ, FMCG, Pharma અને Healthcare શેર વધારા સાથે બંધ થયા હતા.

અમેરિકાના ટેરિફ રાહતથી જૂનમાં ચીનની નિકાસ ૫.૮% વધી

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકા દ્વારા ટેરિફની સમયમર્યાદા લંબાવવાને કારણે જૂનમાં ચીનની નિકાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. આ વર્ષે પહેલી વાર આયાતમાં પણ ૧.૧ ટકાનો વધારો થયો છે. તે જ સમયે, અમેરિકાની નિકાસમાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે. અમેરિકાના ટેરિફમાંથી રાહત મળવાને કારણે જૂનમાં ચીનની નિકાસમાં વધારો થયો. આના કારણે કંપનીઓ અને ગ્રાહકો તરફથી ઓર્ડરમાં ભારે વધારો થયો. ગયા વર્ષની સરખામણીમાં નિકાસમાં ૫.૮ ટકાનો વધારો થયો છે. જ્યારે મે મહિનામાં તેમાં ૪.૮ ટકાનો વધારો થયો હતો. સોમવારે જારી કરાયેલા કસ્ટમ ડેટા અનુસાર, આયાતમાં પણ સુધારો થયો છે. આ વર્ષે પહેલી વાર આયાતમાં ૧.૧ ટકાનો વધારો થયો છે.

અમેરિકાની વાત કરીએ તો તેની નિકાસમાં ૧૬ ટકાનો ઘટાડો થયો છે. જોકે, આ મે મહિનામાં જોવા મળેલા ૩૪.૫ ટકાના ઘટાડા કરતાં ઓછું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૨૪૫% સુધીના ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. બદલામાં, ચીને પણ અમેરિકા પર વધુ ટેરિફ લાદવાનો નિર્ણય લીધો. આ પછી બંને પક્ષો વાટાઘાટો કરવા સંમત થયા. દરમિયાન, ટ્રમ્પ વહીવટીતંત્રે ચીનથી થતી આયાત પરના ટેરિફમાં ૩૫%નો વધારો કર્યો છે. ઉપરાંત, વોશિંગ્ટન અને બેઈજિંગે હાલમાં ઊંચા ટેરિફ માટેની સમયમર્યાદા ૧૨ ઓગસ્ટ સુધી મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

વૈશ્વિકસ્તરે આર્થિક અને જિઓ-પોલિટિકલ અનિશ્ચિતતાઓ વચ્ચે ક્રિપ્ટો માર્કેટ તેજીમાં

બિટકોઈન ૧.૨૩ લાખ ડૉલર સાથે ઑલ ટાઈમ હાઈ, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ક્રિપ્ટોમાં તેજી

આજે બિટકોઈન ૪ ટકાથી વધુ ઉછળી ૧૨૩૦૯૧.૬૧ ડોલરની સર્વોચ્ચ ટોચે પહોંચ્યો હતો

નવી દિલ્હી, તા.૧૪

વૈશ્વિક સ્તરે આર્થિક અને જિઓ-પોલિટિકલ અનિશ્ચિતતાઓ વચ્ચે ક્રિપ્ટો માર્કેટ તેજીમાં છે. તેમાં પણ વિશ્વની ટોચની ક્રિપ્ટો કરન્સી બિટકોઈન એક પછી એક પોતાના તમામ રેકોર્ડ તોડી સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. બિટકોઈનનો ભાવ આજે ફરી ૧.૨૩ લાખ કરોડ ડોલરની નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. ભારતીય રોકાણકારે એક બિટકોઈન ખરીદવા માટે રૂ. ૧.૦૫ કરોડ ખર્ચ કરવા પડશે. સંસ્થાકીય રોકાણકારોની અવિરત ખરીદીના કારણે બિટકોઈન આજે ૪ ટકાથી વધુ ઉછળી ૧૨૩૦૯૧.૬૧ ડોલરની સર્વોચ્ચ ટોચે પહોંચ્યો હતો. જે ૩.૨૪ વાગ્યે

૧૨૨૦૩૮.૧૨ ડોલર પર ટ્રેડ થઈ રહ્યો હતો. ચાલુ કેલેન્ડર વર્ષમાં ૧૯ ટકા ઉછાળો નોંધાવ્યો છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં બિટકોઈનની કિંમત બમણાથી વધી છે. જે ૧૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ ૬૦૭૮૭ ડોલર સામે ૧૦૨ ટકા વધ્યો છે. ક્રિપ્ટો માર્કેટમાં ટેક્નિકલી સેન્ટિમેન્ટ બુલિશ હોવાથી વોલ્યૂમ અનેકગણા વધ્યા છે. આજે ૨૧૦.૮ અબજ ડોલરના વોલ્યૂમ નોંધાવાની સાથે ક્રિપ્ટો માર્કેટ કેપ ૬૬ હજાર કરોડ વધી હતી. આ સાથે માર્કેટ કેપ ૩.૮૧ લાખ કરોડ ડોલરની સપાટીએ પહોંચી છે. કોઈનમાર્કેટકેપ અનુસાર, વિશ્વમાં હાલ ૧૮.૪૯ મિલિયન ક્રિપ્ટો કરન્સી લિસ્ટેડ છે. જેમાં બિટકોઈન ઉપરાંત ઈથેરિયમ, એક્સઆરપી, સોલાના, બીએનબી, ડોઝકોઈન સહિતની ક્રિપ્ટો કરન્સીમાં પણ સાપ્તાહિક ૩૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. ક્રિપ્ટો માર્કેટ નિષ્ણાતો અનુસાર, ટ્રમ્પના ટ્રેડ વૉર, જિઓ-પોલિટિકલ ટેન્શનના કારણે વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચતતા સર્જાઈ છે. જેના લીધે સ્ટોક માર્કેટ ફ્લૂ, બોન્ડ, ફોરેક્સ માર્કેટમાં વોલ્યૂમ ઘટ્યા છે. બીજી તરફ ક્રિપ્ટોમાં રોકાણ વધ્યું છે. સંસ્થાકીય રોકાણકારોએ બિટકોઈન ઈટીએફમાં ૫૦ અબજ ડોલરથી વધુ રોકાણ કર્યું છે. બિટકોઈન હવે માત્ર ટ્રેડિંગ ટુલ નહીં, પણ રોકાણનું માધ્યમ બન્યો છે. વધુમાં ટ્રમ્પની ક્રિપ્ટો કરન્સીની તરફેણમાં નીતિઓ ક્રિપ્ટોને લીગલ ટેન્ડર બનાવવાનો માર્ગ મોકળો કર્યો છે. નોંધનીય છે, ટ્રમ્પે બિટકોઈન રિઝર્વ સ્કીમ અને બિટકોઈન ઈટીએફ પોલિસીનું સરળીકરણ કર્યું છે. બિટકોઈનનો ભાવ આજે ફરી ૧.૨૩ લાખ કરોડ ડોલરની નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. ક્રિપ્ટો માર્કેટમાં ટેક્નિકલી સેન્ટિમેન્ટ બુલિશ હોવાથી વોલ્યૂમ અનેકગણા વધ્યા છે.

કેન્દ્ર સરકારે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ પણ શરૂ કરી

નવી દિલ્હી,તા.૧૪

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આસામના સોનાપુર ખાતે ભારતના પ્રથમ એક્વા ટેક પાર્કનું ઉદ્ઘાટન કર્યું, જેનો હેતુ માછલી ઉત્પાદનને વેગ આપવાનો છે. કેન્દ્ર સરકારે ૨૦૧૫ થી મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં કુલ ૩૮,૫૭૨ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સોનાપુરમાં ભારતના પ્રથમ એક્વા ટેક પાર્કનું ઉદ્ઘાટન કર્યું. તેનો ઉદ્દેશ્ય રાજ્યમાં માછલી ઉત્પાદનને વેગ આપવા અને રોજગારીની તકોનું સર્જન કરવાનો છે. મુખ્યમંત્રીએ આ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરી. તેમણે કહ્યું કે આસામના સોનાપુરમાં ભારતના પ્રથમ એક્વા ટેક પાર્કનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આનાથી માછલી ઉત્પાદનમાં મોટો વધારો થશે અને આસામના યુવાનોને કમાણીની પુષ્કળ તકો મળશે. PIB દ્વારા જારી કરાયેલા એક પ્રકાશન મુજબ, ૨૦૨૫-૨૬ માટે બજેટ જાહેરાત વ્યૂહાત્મક રીતે નાણાકીય સમાવેશ વધારવા, કસ્ટમ ડ્યુટી ઘટાડીને ખેડૂતો પર નાણાકીય બોજ ઘટાડવા અને દરિયાઈ મત્સ્યઉદ્યોગના વિકાસને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

નામમાં ફેરફાર

જૂનું નામ. હિફ્જુરરહેમાન ઇબ્રાહીમભાઈ દંત્રાલિયા
નવું નામ. હિફ્જુરરહેમાન ઇબ્રાહીમભાઈ દાંત્રોલિયા
ગામ. કેશરપુરા તા. ઈડર
જિલ્લો. સાબરકાંઠા પિન. ૩૮૩૨૩૦

Walk-in interview

Shree Shamalaji Homoeopathic Medical College, Hospital & R.I., Godhra
(Managed by Shree Shamalaji Arogya Seva Trust, Godhra)
Permitted by NCH / Affiliated to SGGU, Godhra

REQUIRED FOLLOWING TEACHING FACULTY

Professor:	08 poSt (Anatomy, H.M.M., Organon, Surgery, ObSt. & Gynec, Repertory, Community Medicine, Practice of Medicine)
Associate Professor:	10 Post (Anatomy, Physiology, Organon-2, Surgery, Pathology, F.M.T., Obst. & Gynec, Repertory, Community Medicine)
Assistant Professor:	15 PoSt (Anatomy-2, Physiology-2, Pharmacy, H.M.M.-2, Surgery, Pathology, Obst. & Gynec, Repertory-2, Community Medicine, Practice of Medicine-2)

Qualification & Experience :- As per NCH and SGGU, Godhra norms
Place of Interview :- Shree Shamalaji Homoeopathic Medical College, Kanelav Road, Vavdi Buzarg, Godhra.
Date of Interview:- 03/08/2025 (Sunday) Time of Interview: -09:00 a.m.
Vice-President:- Dr. Vishal R Soni, Mob: 9825048759.

નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડ
(CIN No: L45201GJ1990PLC013417)
રજીસ્ટર્ડ ઓફિસ: પહેલો માળ, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલો સામે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન: +૯૧ ૭૯ ૪૦૦૩ ૬૮૧૭/ ૧૮ **ફેક્સ:** +૯૧ ૭૯૨૬૮૭૩૯૨૨
E-mail: secretarial@nilainfra.com **Website:** www.nilainfra.com

35મી વાર્ષિક સાધારણ સભાની સભ્યોને નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે, નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડના સભ્યોની 35મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરૂવાર, 07 ઓગસ્ટ, 2025ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડીઓ વિડિઓ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ હાથ ધરાશે.
ભારત સરકાર, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના, પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ તથા પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી ૨૦૨૧, પરિપત્ર નં. 20/2020 તારીખ 05 મે, 2020 અને પરિપત્ર 02/2021 તારીખ 13 જાન્યુઆરી, 2021, પરિપત્ર નં. 02/2022 તારીખ 05 મે, 2022, પરિપત્ર નં. 10/2022 તારીખ 28 ડિસેમ્બર અને સી. /2023 તારીખ 25 સપ્ટેમ્બર, 2023 તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ તથા પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧, પરિપત્ર નંબર SEBI/HO/DDHS/P/CIR/2022/0063 તારીખ 13 મે, 2022 અને પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-Pod-2/P/CIR/2023/167 તારીખ 07 ઓક્ટોબર, 2023 ('પરિપત્રો')ના સ્પષ્ટતા પરિપત્ર મુજબ એજીએમ કોઈ પણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર વીસી/ ઓએવીએમ દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર્સ રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની એજીએમ વીસી/ ઓએવીએમ દ્વારા યોજાશે.
ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં, એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ 2024-25 જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્સ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી રહ્યા છે. સભ્યોએ નોંધ લેવી કે એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ 2024-25 કંપનીની વેબસાઈટ www.nilainfra.com તથા સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમીટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડની વેબસાઈટ www.bseindia.com તથાwww.nseindia.com પર ઉપલબ્ધ છે તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા એનએસડીએલની વેબસાઈટ: www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. સભ્યો એજીએમમાં ફક્ત વીસી/ ઓએવીએમ દ્વારા હાજર રહી શકે છે અને ભાગ લઈ શકે છે. એજીએમમાં જાડાવવાની વિગતો /સુચનો એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે, વીસી/ ઓએવીએમ દ્વારા જાડાયેલ સભ્યોને, હાજર રહેલ સભ્યોની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.
કંપની દ્વારા તમામ સભ્યોને એજીએમની નોટિસમાં વર્ણવવામાં આવેલ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે.
જે સભ્યો એ પોતાના ઈ-મેઈલ આઈડી કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે:
- જે સભ્યો ફિઝિકલ માધ્યમથી શેર ધારણ કરી રહ્યા છે: ફોલિયો નંબર, ડીપી, ક્લાઈન્ટ આઈડી, સર્ટિફીકેટ નં., પેન નં. મોબાઈલ નં. ઈ-મેઈલ આઈડી સાથે સ્વ પ્રમાણિત પેન, આધાર, પાસપોર્ટ, શેર સર્ટિફીકેટ વગેરેની કોપી કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilainfra.com પર મોકલવી.
- જે સભ્યો ડિમેટ માધ્યમ થી શેર ધારણ કરી રહ્યા છે તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilainfra.com પર મેલ કરીને પોતાનું ઈ-મેઈલ નોંધાવી શકે છે. એજીએમની નોટિસ કટ-ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાયેલ ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવશે.

તારીખ : જુલાઈ 15, 2025
સ્થળ : અમદાવાદ
બોર્ડના આદેશથી
નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડ, વતી
દીપેન પરીખ-કંપની સેક્રેટરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ
જમાલપુર ફાયર સ્ટેશન (હેડ ઓફીસ), ફ્લાય ઓવર બ્રીજ પાસે, જમાલપુર, અમદાવાદ- ૩૮૦૦૦૧
ફોન નં. ૦૭૯-૨૨૧૮૮૪૬૫/૬૬/૬૭/૬૮ તેમજ ૧૦૧, ઈ-મેઈલ: afes@ahmedabadcity.gov.in
"આગથી નુકશાન, રાષ્ટ્રીય નુકશાન, આવો, સૌ સાથે મળીને અગ્નિ સુરક્ષાના ઉપાયો અપનાવીએ"

-:જાહેર સલામતી હેતુસર ફાયર પ્રિવેન્શન પ્રોટેકશન સિસ્ટમ બાબતે પ્રકાશિત જાહેર નોટીસ:-

ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ- ૨૦૧૪ ના શિડ્યુલ-૦૩ મુજબના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હદ વિસ્તારમાં આવેલ તમામ બિલ્ડીંગના માલિક, કબ્જેદાર, ભોગવનાર, સંચાલકો, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓને આથી આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, નામદાર હાઈકોર્ટમાં ચાલી રહેલ **PIL-118/2020** અનુસંધાને નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ અન્વયે સંબંધિત બિલ્ડીંગ કે જે શિડ્યુલ-૦૩ માં આવતી હોય તથા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ રૂલ્સ ૨૦૨૧ ના પ્રવર્તમાન કાનૂની જોગવાઈઓ મુજબ જરૂરી જગ્યા ઉપર પોર્ટેબલ ફાયર ફાયટીંગના સાધનો / સંપૂર્ણ ફાયર પ્રિવેન્શન – પ્રોટેક્શન સિસ્ટમ પૈકી જોગવાઈ મુજબ જે જરૂર હોય તે લગાવી જે તે બિલ્ડીંગના માલિક, સંચાલકો કે જેઓએ પોતાની બિલ્ડીંગની ફાયર સેફ્ટી સર્ટીફિકેટ મેળવેલ નથી અથવા તેઓને આપવામાં આવેલ ફાયર સેફ્ટી સર્ટીફિકેટની મુદત પૂર્ણ થઈ ગયેલ અને હાલમાં વેલીડ **ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવી લેવા આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે.**

શિડ્યુલ-૦૩ માં આવતી પ્રિમાઈસીસની વિગત નીચે મુજબ છે.

(a) ૧૫ મીટર અને તેથી વધુ ઊંચાઈ ધરાવતી બધી ઊંચી ઈમારતો; અને
(b) ખાસ ઈમારતો, એટલે કે,
(૧) હોટેલ, શૈક્ષણિક, સંસ્થાકીય, વ્યવસાય, વેપાર, વેપારી, સંગ્રહ, જોખમી અને મિશ્ર કબજાવાળી ઈમારતો, જ્યાં આ ઈમારતોમાંની કોઈ પણ એક અથવા વધુ માળ પર ૫૦૦ ચોરસ મીટરથી વધુ ફ્લોર એરિયા ધરાવે છે;
(૨) ૯ મીટર અને તેથી વધુ ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક ઈમારતો;
(૩) ૯ મીટર અને તેથી વધુ ઊંચાઈ ધરાવતી સંસ્થાકીય ઈમારતો;
(૪) બધી એસેમ્બલી ઈમારતો;
(૫) બધી બહુમાળી કાર પાર્કિંગ;
(૬) ફેક્ટરી એક્ટ, ૧૯૪૮ હેઠળ આવરી લેવામાં ન આવતી બધી જોખમી ઈમારતો
(૭) કોઈપણ ફ્લોર પર ૩૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર ધરાવતી